સાલ : ૧૧ / સિલસિલાવાર નંબર : ૧૧૯ / શુમારો : ૫ કુલ પાના - ૧૬

MISHKAAT UL HAADI

مشكوٰة الهادي

નાશિર : મરકઝે તરબીયતે મુમેનીન, અલ-વિઝારતુલ અલવીયાહ, વડોદરા. રમઝાન-શવ્વાલ ૧૪૩૫ / જુન-જુલાઇ ૨૦૧૪

ખઝાનએ નેઅમત

અલ્લાહતઆલાની નેઅમતો બેશુમાર છે. ગિન્તીના આંકડાઓ અને મશીનો કામે લગાડવામાં આવે તો પણ નેઅમતે ખુદાવંદી ગીની શકાય નહીં, એ કુરઆને કરીમની બંદગાને ખુદાને ચેલેન્જ છે. જો બંદાને દુનિયાવી ઝિંદગી બરાબર જીવવા વાસ્તે અલ્લાહતઆલાએ નેઅમતો ન આપી હોત તો બંદો અલ્લાહની બારગાહમાં શિકાયત કરતે અને કહેતે કે, અય મારા રબ! તુએ મને આ ઝિંદગીની અનમોલ નેઅમતથી તો નવાઝેલો છે, પણ તેનાં ગુઝર-બસર વાસ્તે અને રાત-દિનનાં કલાકોની ઝરૂરત અને તકાઝાને પૂરા કરવા વાસ્તે તુએ કોઈ નેઅમત અને તેનો વસીલો આપો નથી! આને બગૈર હું મારી ઝિંદગી કેમ પૂરી કરૂં અને ઔલાદ-કુમ્બાની રોઝમર્રહની ઝરૂરતોને કહાંથી લાઉં યા બનાઉં. તેથી **અલ્લાહતઆલાએ તેના બંદા પર કરમ કરીને દારે દુનિયામાં ઝમીન પર અને આસમાનમાં બંદાના ગુઝર-બસર વાસ્તે બેશુમાર નેઅમતો નવાઝેલી છે.** ફજરમાં આફતાબના તુલૂઅ થાવાના વક્તથી મગરિબ તક દિનનાં બાર કલાકમાં અને મગરિબથી ફજર તક રાતનાં બાર કલાકમાં દેખીતી અને અનદેખી નેઅમતો ઈન્સાનની ખિદમત કરી રહી છે, જેમાં રાત-દિન, હવા-પાની, આગ-ગુલઝાર, સૂરજ-ચાંદ, ઠંડી-ગરમી, દરખ્ત-પહાડ, ઝમીન-આસ્માન તમામે તમામ જ અલ્લાહની નેઅમત છે જે કોઈ પણ ઈન્સાનને, ચાહે તે નૈક હોય યા બદ હોય, બરાબર મિલી છે અને તેથી તે ફાયદો લે છે. આ નેઅમતો આમ છે. જેથી બાઝને વાસ્તે તે મુબાહ છે, જાઈઝ છે અને બાઝને વાસ્તે તે મનાઅ કરવામાં આવી છે. કેટલીક તો ઈન્સાનને ઈર્દ-ગિર્દ હોય છે, કેટલીક દૂરો દરાઝ ઈલાકામાં, કેટલીક ઝમીનના નીચે અને કેટલીક આસ્માનની ઉંચાઈઓમાં.

અલ્લાહતઆલા કુરઆને કરીમમાં ઝાહિરી તેમજ બાતિની નેઅમતોની ઝિક્ર કરે છે - **તેમાંથી ઝાહિરી નેઅમતોંથી બંદો વાકિફ હોય છે અને તેનાથી ફાયદો લઈને પોતાની ઝિંદગી ગુઝારે છે.** આ ઝાહિરી નેઅમતોંની માઅરેફત વાસ્તે કોઈ હાદી યા મોઅલ્લિમ યા રહેબર યા ઉસ્તાદની એને ઝરૂરત પૈશ આવતી નથી પણ એની અક્લથી એ સોચે છે અને ગૌરો ફિકર કરે છે કે, જે કઈ દુનિયામાં એની નઝરની સામે છે, તે તમામનો પૈદા કરનાર એ પોતે તો નથી જ પણ કોઈ દીગર છુપી તાકત છે જેએ આ તમામ જાનદાર અને ગૈરજાનદાર ચીઝોને એની આસપાસ પૈદા કીધી છે.

અગર બાતિની નેઅમતની ઝિક્ર કરીએ તો તે નઝરથી કે અડકવાથી મહેસૂસ થાતી નથી પણ અગર તેને અક્લથી પારખીએ તો ઈન્સાનને એના વુજૂદે ખાસનો અહેસાસ થાય છે જેના સબબ એને દુનિયામાં તો ફાયદો મિલે જ છે પણ એ બાતિની નેઅમત પામવાથી એની આખેરત અને મૌતને બાદની ઝિંદગી સંવરી જાય છે. **આ બાતિની નેઅમતમાં અલ્લાહતઆલાની બંદાઓ પર કરામત, લુત્ફ, મહેરબાની અને રહેમતની નઝર છે જેના સબબ બંદો આ દુનિયામાંથી ખુશી-ખુર્રમી સાથે આખેરતના ઘર તરફ ઈન્તેકાલ કરે છે.** જો આ નેઅમતની માઅરેફત બંદાને થઈ ગઈ હોય અને માઅરેફત કરાવનારાની સોહબત અને સંગત પણ મિલી હોય અને જો બંદો તે નેઅમતથી રૂહાની-જિસ્માની-સમાજી-અખ્લાકી-ઝહેની-અક્લી-નફ્સાની ફાયદો હાસિલ ન કરે તો તે બંદો ઘણો જ મહેરૂમ અને બદનસીબ છે.

આ બાતિની નેઅમતોંની માઅરેફત અલ્લાહતઆલાએ તેના અંબિયા-મુરસલીન, ઔસિયા-મુત્તકીન, અઈમ્મત-સાલેહીન અને દોઆત-અકરમીન (રિ.અ.) ને કરાવી અને તેના કિતાબમાં આ તમામથી ખિતાબ કરીને તેઓના ઝમાનાના લોગોને આ નેઅમતોંની માઅરેફત કરાવવાનું ફરમાન કીધું. આ બેશુમાર નેઅમતોમાં એક (બકીયાહ પેજ નં. ૨ પર)

સદમા અને આફતની ઈબ્તેદામાં સબર કરવો તે સાચો સબર છે.

(પેજ નં. ૧ નું બાકી)

શહેરૂલ્લાહિલ હરામ, ઈબાદતે લયલતુલ કદ્ર અને ઈદના ઈફ્તારની ખુશીઓ શામિલ છે. અલ્લાહતઆલાએ આ ત્રણે ખુશીને તેના પરહેઝગાર બંદાઓ પર મહેરબાન થઈને ૩૦ અય્યામમાં જ સમાવી દીધી છે. જો અગર નમાઝી રોઝદાર બંદો તફક્કુર-તદબ્બુર કરે તો એને અલ્લાહતઆલાના બેશુમાર અહેસાનનો અંદાઝો આવી જ જાય કે, જો એક મહીનામાં અલ્લાહતઆલા કલેમએ શહાદત પઢનાર વાસ્તે આ નેઅમતોંને મખ્સૂસ કરે તો બીજા અય્યામમાં કેટલી નેઅમતોથી મુમિનને માલામાલ કીધો હશે. તેથી જ કુરઆને કરીમમાં આ ત્રણે નેઅમતોની ઝિક્ર અલ્લાહતઆલા તેના નામથી કરે છે તેમાં શહરો રમઝાન, લયલતુલ કદ્ર અને ઈદુલ ફિત્રના તકબીર અને રોઝાની ગિન્તીની તકમીલ શામિલ છે.

ખુશા ઈકબાલ, આઅલા નસીબા અલવી અને તૈયેબી જમાઅતના કે આજે દૌરૂસ્સતરમાં નબી-વસી-ઈમામની ગૈરહાઝિરીમાં અને નાઈબે ઈમામુઝ્ઝમાન (અ.સ.) ની મૌજૂદગીમાં મુમેનીન આ સાલના શહરૂલ્લાહમાં આ ત્રણે નેઅમતોનો બેકિનાર અને બેહદ ફાયદો હાસિલ કરશે. આ કેવી નેઅમત છે? એવી નેઅમત કે જેને કોઈ ઈન્સાન ગલે લગાવે, તેની કદરની શનાખ્ત કરે, તેના સવાબની પહેચાન રાખે, તેના રૂહાની ફૈઝને સોચી-વિચારીને સમઝે, તેના ઝાહિરી-બાતિની આઅમાલને લઈ ઉઠે તો એ ફરિશ્તાઓની સફમાં શામિલ થઈ જાય. યાઅની કે, અલ્લાહતઆલાએ આ નેઅમતના સબબ ઈન્સાનના દરજાતને બલંદ કરીને ફરિશ્તાના દરજાત પર ચઢવા વાસ્તે એને એક ઝરીન મૌકો ફરાહમ કીધેલો છે.

રોઝાના સબબ શહરૂલ્લાહ અને ઈદુલ ફિત્રની ઝિક્ર છે અને રોઝું તો મુમિન વાસ્તે અલ્લાહતઆલા તરફથી અઝીમમાં અઝીમ નેઅમત છે. સખ્તમાં સખ્ત હાલાતમાં રઝામંદીએ રબ્બ વાસ્તે રોઝું રાખવું, દુનિયાની લઝ્ઝતો રાહતને છોડી દેવી તે જન્નત તરફ જાવાની રાહ પરથી ગુઝર કરવાનો આસાન તરીકો છે. આ રોઝાની નેઅમત તે નેઅમત છે કે, જે મુમિનને રબ્બુલ ઈઝ્ઝતથી કુરબત હાસિલ કરાવે છે અને શયતાન લઈનને રૂસ્વા કરે છે.


હર શખ્સ જે વક્ત સફરની તૈયારી કરે છે તો સાથે સામાને સફર, ઝાદ અને તોશો પોતાના સાથે લે છે. જો તે પૂરેપૂરી તૈયારી ન કરે તો હલાક થાવાનો યા સફર નાકામિયાબ થાવાનો ડર રહે છે. નબી સાહેબ (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, **"ઈન્સાન સફરી છે અને પોતાના રિઝક અને રોઝીને હાસિલ કરવા ઘણી વાર સફર કરે છે. પણ એનો પોતાની મૌત તક નો સફર એના વાસ્તે ખૂબ ભારી, ઝિમ્મેદારાના અને ઈમ્તેહાનથી ભરેલો છે. ઈન્સાનને આ સફરની તૈયારીની ફિકર હર યૌમ કે જે વક્ત સૂરજ તુલૂઅ થાય, હોવી જોઈએ."**

આ સફરની તૈયારી વાસ્તે હર સાલ શહરૂલ્લાહિલ હરામ પોતાના સાથે નેઅમતોંનો ખઝાનો, દફીનો અને ગુલદસ્તો લઈને હાઝિર થાય છે. હવે તે મુમિન પર છે કે આ અન્મોલ ખઝાનામાંથી એ પોતાના દામનમાં કઈ કઈ નેઅમતોંને ભરે છે. આ નેઅમતોંમાં જે-જે ચીઝો સરે ફહેરિસ્ત છે તેમાં, ઈમામતની નમાઝ, દાઅવતુલ હક્કમાં ઝકાતો વાજેબાતની અદાયેગી, રોઝું, નિસ્ફિલ્લૈલ અને તહજ્જુદની નમાઝ, રોઝા ઈફ્તારી, મુમેનીનનું ચાર વાર મસ્જિદોંમાં જમાઅ થાવું, વશૈકની નાફેલતની નમાઝોં, ઝિક્રે મૌલાના અલી સાહેબે ઝુલફિકાર (અ.સ.), કફ્ફારતુઝ ઝોનૂબ, રોઝીની કુશાદગી, કિરદારની પાકીઝગી, સબર અને શુક્ર, ઈબાદતનો શૌક, દિમાગની તરાવત અને જિસ્માની શિફા, હુકૂકની અદાયેગી વક્ત દાઈયુઝ્ઝમાન (ત.ઉ.શ.) ની દોઆ, લયલતુલ કદ્રની ઈબાદત, ઈદુલ ફિત્રની મસર્રતો ફરહત, લિબાસની તહારત, રહેમદિલી અને તહેઝીબ, વક્તની બંદિશ, દુનિયાની બેરૂખી વગૈરા. અલ્લાહતઆલા મુમેનીનને નેઅમાતે રમઝાનીયહથી બોહરાવર કરે અને તેના નૂરથી મુમેનીનની ઝિંદગીના હર ગોશાને મુનવ્વર કરે. આમીન. ✯

The calamities and trials of this world and the hereafter will not touch three people:
The person who thinks for the well-being of the Muslims,
The person who guides towards good,
The person who is content with Allaah's destiny and judgement.

સદમામાં ઈન્સાન ચુપ રહે તો જ તેના સબરનું જામ છલકાય છે.

લફ્ઝી કશ-મ-કશ



❋ **ઉભી તરકીબ :**

૧) શહરૂલ્લાહના ૩૦ અય્યામના રોઝા રાખવા હર ઈમાનદાર પર વાજિબ છે. રોઝાને અરબીમાં શું કહેવાય છે? (૨)

૨) હમેશા, અબદી-અઝલી. (૩)

૩) શહરૂલ્લાહનો આખરી દસકો જન્નત-તલબીનો છે. તે જન્નત કઈ છે? (૩)

૭) વુઝૂમાં હમેં પઢીએ છીએ કે, "અય ખુદા! તું હમને જન્નતના મુનાદીની નિદાને સંભલાવજે." આ દોઆ કઈ મસહ કરતા પઢાય છે? (૨)


❋ **આડી તરકીબ :**

૨) શહરૂલ્લાહમાં મુમિન પહેલા દસકાથી જ ખુદાતઆલાની રહેમતના _____ માં દાખિલ થાય છે. (૩)

૪) જન્નતુલ બકીઅના કબ્રસ્તાનમાં જે બે સૈયેદાત મૌ. આતેકહ અને મૌ. સફીયહની કબરો છે, તે રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના _____ થાય છે. (૨)

૫) _____ તે શખ્સને વાસ્તે જ છે જે ખુદાની રાહમાં દુનિયાની લઝઝતો રાહત મુકીને શહરૂલ્લાહના ૩૦ અય્યામમાં પોતાની નફ્સને પાકીઝા કરે. (૨)

૬) ઈમામુઝઝમાન (અ.સ.) જે _____ ના સાહબ છે તેની નઝર માનવી મુમિનની મુશ્કેલાતને દૂર કરે છે. (૩)



૦ સહીહ જવાબ આપનાર : અલીઅસગર એ. ચશ્માવાલા

૦ અલ-હાજજ અબ્બાસભાઇ અલીભાઇ દારૂવાલા તરફથી આ કોલમ વાસ્તે હદીયો ઈનાયત કરવામાં આવે છે.

ગયા શુમારાના લફ્ઝી કશ-મ-કશનો ખુલાસો :-

નોંધ : કારેઈનને ઈલ્તેમાસ છે કે, લફ્ઝી કશ-મ-કશ ના જવાબો લખી હમારા એડ્રેસ પર શવ્વાલ મહીનાની ૧૦ તારીખ પહેલા પોતાના મોબાઈલ નંબર સાથે મોકલી આપે. સહી જવાબ આપનાર મુમેનીનનો ડ્રો કરવામાં આવશે અને જે નસીબદાર ભાઈનું નામ ખુલશે તેને એક યાદગાર તોહફાથી નવાઝવામાં આવશે. ✯

ઈલ્તેજા

દર જિવારે રૌઝએ ફખરીયહ
ઉર્સ મુબારક : ૨૦ શવ્વાલ

ફુરકત કા આલમ દિલસે મેરે મૌસા મિટા દો,
દિલ મેં જો લગી હે મેરે આતિશ વો બુઝા દો,
મારા હે ગમે દહેરને અબ તુમ હી જિલા દો,
એઅજાઝે મસીહાઇ ઝરા અપના દિખા દો,
અય ફખરૂદ્દીં આકા મુઝે દામન મેં સમા દો,
અય ફરૂદ્દીં સુલ્તાં મેરી બિગડી કો બના દો.

ઉલઝે હુએ થે ગૈસુએ મિલ્લાત જો, સઁવારા,
ઔર ગુલ્શને દાઅવત કો ભી હર રંગ સે, નિખારા,
દુશ્મન કો ભી એહસાન કી શમ્શીર સે, મારા,
ગિરતોં કો દિયા આપને હર વક્ત, સહારા,
ફિર હાલ કો, માઝી કી ઝરા શાન દિખા દો,
અય ફરૂદ્દીં સુલ્તાં મેરી બિગડી કો બના દો.

થે કૌમ કે સરદાર ભી ઔર દીન કે વાલી,
ઈસ નાવ કો તૂફાન સે હર વક્ત સંભાલી,
ખુશ્બૂ સે તેરી મહેકી હે દાઅવત કી યે ડાલી,
આયા હું તેરે દર પે મૈં અબ બનકે સવાલી,
ઈસ બંદએ આસી કી ભી અબ બખ્શ ખતા દો,
અય ફરૂદ્દીં સુલ્તાં મેરી બિગડી કો બના દો.

થી શાન દોઆતોં મેં ભી હર એક સે નિરાલી,
હર બાત ઝમાને મેં તુમ્હારી થી મિસાલી,
અલ્લાહને બખ્શીથી તુમ્હેં હિમ્મતે આલી,
મિલ્લત કી મુસીબત કો હરએક ખૂબી સે ટાલી,
મૈં ભી હું ફંસા આકે મુસીબત સે છુડા દો,
અય ફરૂદ્દીં સુલ્તાં મેરી બિગડી કો બના દો.

આલામ સે દુનિયા કે યે દોચાર હે, મુમિન,
માઅઝૂરો મુસીબત મેં ગિરફ્તાર હે, મુમિન,
ઈસ સે નહીં ઈન્કાર ગુનાહગાર હે, મુમિન,
લેકિન તેરી રહેમત કે તલબગાર હે, મુમિન,
હાલ કર મેરી મુશ્કિલ કો અબ અય ઉક્દાકુશા દો,
અય ફરૂદ્દીં સુલ્તાં મેરી બિગડી કો બના દો.

હંસતે હુએ હર રંજો મુસીબત કો ઉઠાકર,
હર ગામ સે રોશન રહે મંઝિલ કો બનાકર,
ખ્વાબિદા હુએ ચૈન સે અબ રૌઝે મેં આકર,
સોઈ હુઈ આલવી કી યે તકદીર જગાકર,
દુશ્વાર મેરી રાહ કો આસાન બના દો,
અય ફરૂદ્દીં સુલ્તાં મેરી બિગડી કો બના દો. ✯

ઈમાનની લાકીમત વીંટીમાં સબર એક બેનમૂન નગીનો છે.

અખ્બારે બદરીયહ

દૌરે તૈયેબ કે અચ્છે દિન આ ગયે,
તાઅમીર કે ઝરીએ સબકે દિલોં પર છા ગયે,
કોશિશો પૈહમ ઔર મઝબૂત ઈરાદા,
કરકે માઝૂન અદનઓ આઅલા કો ભા ગયે.

યા રબ યે અચ્છે દિન કો આગે બઢાયે રખના,
મુડકે ન પીછે દેખે હો કામ ચલતે રહેના,
માઝૂં કા ખ્વાબ, મિલ્લત બાઝૂં અગર બને તો,
અલ્તાફે પંજતન સે તૌફીક સબકો દેના.

ઈત્લાકની દાઅવતના ૪૨ માં દાઈએ અન્વર, હાદીયે અઝહર સૈયેદના વ મૌલાના અબૂ યૂસુફ ફિદાઅલી બદરૂદ્દીન બિન સૈ. ફખરૂદ્દીન સાહેબ (આ.કુ.), જે હુઝૂરેઆલી સૈયેદના સાહબ (ત.ઉ.શ.) ના દાદાજી સાહેબ છે, આપના ઉસ્તાદે શફીક છે, તેમની ૩૦ સાલની મુદ્દતે દાઅવતનો નિચોડ, ઈર્ક અને મરકઝ બે ઈમારતોની બિના છે. આપ મૌલાના ફરમાનથી ૧૩૫૯ હિ. માં શેઠ હુસૈનઅલી ગ્રાન્ટરોડવાલા એ વડોદરામાં બુસ્તાનુસ્સવાબની બિના વાસ્તે માલી ફૈઝ જારી કીધો અને ૧૩૬૦ હિ. માં શેઠ ઈબ્રાહીમ પટેલની કોશિશથી બરકતે ફરમાને દાઅવતથી મુંબઈમાં વરલી પર બદર બાગ કબ્રસ્તાન સાથે મસ્જિદે બદરી તાઅમીર થઈ.

હુઝૂરેઅલી સૈયેદના સાહેબ (ત.ઉ.શ.) ની દાઅવતે શરીફહના ૪૧ સાલ પૂરા થયા બાદ, **આ ૪૨ માં સાલમાં ૪૨ માં દાઈએ મુત્લક ની બે આઅલા તાઅમીરાત અને તારીખી નિશાનીઓને** આપ મુકદ્દસ મૌલા બદરૂદ્દીન સાહેબના ઉર્સ મુબારકના મહીના શાઅબાનુલ કરીમના પહેલા દસમાં ઝિંદા અને આશ્કાર કરવી, તે આપ મૌલા હુઝૂરેઆલી (ત.ઉ.શ.) વાસ્તે ફખર અને નાઝનો બાઈસ બનો. આપ મૌલાએ મુકદ્દસ મૌલાના શબે ઉર્સના મૌકા પર ૭ શાઅબાનના દિન, જુમેરાતે, મગરિબની નમાઝ બાદ બુસ્તાને બદરીના અયવાનમાં ૯ દોઆતે કિરામ (આ.કુ.) ના રૌઝહને હમશાન રૌઝએ બદરીયહનો આપના દસ્તે મયમૂન પર ઈફ્તેતાહ ફરમાવો. એ જ મુજબ મુંબઈમાં વરલી ઈલાકામાં આપ મૌલાએ, કદીમ મસ્જિદની જ બિના પર ૭૫ સાલ બાદ જદીદ મસ્જિદ જે તાઅમીર કરવામાં આવી, તે મસ્જિદનો ઈફ્તેતાહ ૧૦ શાઅબાનના દિન, રવિવારે, ફજરે ૧૦:૩૦ વાગે ફરમાવો અને મસ્જિદે બદરીનું મુબારક નામ ઈનાયત કીધું.

ફાતેમી આન-બાન-શાનથી રૌઝએ બદરીયહનું ઈફ્તેતાહ થયું મગર આ શાહકાર અને બેનઝીર તાઅમીર પાછલ જે સાહેબોની મહેનત અને તદબીર જોડાયેલી તે નાકાબિલે ફરામોશ છે. માઝૂન મૌલા ની હિદાયત, હદ્દ સાહેબ કાસિમઅલીભાઈની બેલૌસ ખિદમત અને હાજી સફીયુદ્દીન ધોલકાવાલાના કબીર ફરઝંદ રોનકઅલીભાઈની દોઆતે કિરામ (આ.કુ.) તરફની ફૈયાઝદિલી અને અકીદતમંદી કાબિલે દીદ અને લાઈકે તહેસીન છે. **રૌઝહ મુબારકહની તાઅમીર દૌરાન મૌલા મુકદ્દસના એજાઝ બેશુમાર થયા છે.** તઅમીર શુરૂ થાય તે પહેલા કોઈ એવી મોટી રકમ હાથમાં ન હતી યા કે તાઅમીરનો મન્સૂબો ઝહેનમાં ન હતો. પણ તાઈદાતે રૂહાનીયહ અને ઈનાયાતે રબ્બાનીયહ થી ૨૫ લાખ રૂપિયા કરતા ફૌક ઈખ્રાજાતનો અંદાજો પહોંચો. દોઆતો પર સિદક દિલથી અકીદો રાખનાર તે મુમેનીન પણ શામિલ છે જેઓ એ ૧૦૦ રૂ. થી લઈને ૨૫,૦૦૦ રૂ. તકની રકમ ખિદમતે બદરીયહમાં લખાવેલી છે અને બરકતો ફૈઝના દરબારમાં દરજો હાસિલ કીધેલો છે. ૧૪ મહીનાની કડી મહેનત બાદ જે નતીજો, નઝારો અને સૂરત બુસ્તાને બદરીની થઈ તે જાણે ઝમીન પર બાગે અદનની હોય. ઈફ્તેતાહને વક્ત તકરીબન ૧૨૦૦ મુમેનીને એક સાથે ઝિયારતે બદરીયહથી બરકત હાસિલ કીધી. બહેરમ અને ઉર્સ મુબારકનો પૂરો યૌમ રૌઝહ મુનીરહ ઝાએરીનથી પુર હતા.

(બકીયાહ પેજ નં. ૧૫ પર)

રોઝાનું બીજું નામ સબર છે.

ગુલ્શને ફિકહ – શરીઅતનું હલાલ અને હરામ

કિસ્ત - ૭

–: ઈમામત :–

❋ ઈમામે આલે મોહંમદ મૌ. અબુ જાઅફર મોહંમદુલ બાકિર (અ.સ.) ફરમાવે છે કે, જે ઈબાદતમાં યકીન નથી તે ઈબાદતની કોઈ કીમત નથી. આંધલાને જે મુજબ રોશનીના હોવા યા ન હોવાથી ફરક પડતો નથી, તે મુજબ યકીનથી ખાલી ઈબાદતનો કોઈ અસર પૈદા થાતો નથી. નમાઝ, ઈબાદતનો એક હિસ્સો છે અને જો બંદો નમાઝમાં દિલની હાઝિરી, નમનતાઈ, ખુશૂઅ અને ખુદાના અહેસાનાતને ન ભુલે તો એની નમાઝ બેશક મકબૂલીયતની મંઝિલ તરફ ચઢે છે. નમાઝનો તકાઝો એ છે કે, તેને ઈમામત સાથે પઢવામાં આવે અને ઈમામતની ગરઝ એ છે કે, ખુદાતઆલાના દાઈના ઈઝનથી જે સાહેબ નમાઝ પઢાવે તે ઈમામતમાં શરીક હર નમાઝીના અરકાનને દુરૂસ્ત કરે અને નમાઝને કામિલ તરીકાથી અદા કરાવે.

❋ દુનિયામાં એવો કોઈ અમલ નથી જે નમાઝ કરતા ઉંચો હોય, બહેતર હોય, ફાયદામંદ હોય અને સુકૂનબખ્શ હોય. નમાઝ તમામ આઅમાલનું મરકઝ છે અને તેના સબબ જ બંદાના બીજા આઅમાલ તરફ નઝર કરવામાં આવશે. બંદા પર લાઝિમ છે કે, તેની નમાઝને બરાબર સાચવે અને તેની હિફાઝત કરે. હક્કના મુમેનીનની નમાઝ દાઈયુઝ્ઝમાનના ઈઝનો રઝા પર દારો મદાર રાખે છે. જે નમાઝમાં ખુદાના દાઈની રઝાની રૂહ નથી તે એવા મુડદા-મૈયત જિસ્મ મુજબ છે કે, જેમાં કોઈ તડપ કે હરકત ન હોય. મુમેનીન જે વક્ત અપની મસ્જિદ યા અપના ઈહાતા સિવાયની કોઈ પણ જગા પર જાય અને નમાઝનો વક્ત આવી જાય તો પોતે પોતાની નમાઝ પઢે યા રઝાના સાહેબ હાઝિર હોય તો ઈમામતની નમાઝ પઢે. કોઈ પણ ગૈર-જમાઅતના યા ગૈર-અકીદાના યા દુશ્મનાને દાઅવતુલ હક્ક યા નાસિબી લોગો સાથે પોતાની નમાઝને ન જોડે અને તેઓના ઝુમ્રામાં પોતાને શરીક ન કરે. કોઈ પણ હાલાત હોય પોતાના અકીદાને મખ્ફી રાખીને ખુદની નમાઝ પઢે. જે મુમેનીન બાઝારમાં પોતાની દુકાન રાખે છે અને અપની મસ્જિદોંમાં નમાઝ પઢવા આવી શકતા નથી યા હઙ્ક-ઉમ્રહ પર જાનાર આઝેમીન યા ઝિયારતગાહોં જેમકે કરબલા, યમન વગૈરાનો કસ્દ કરનાર મુમેનીનને નમાઝનો અમલ કેમ કરવો અને પોતાની નમાઝને મુકમ્મલ કઈ તરહ બનાવવી તેની હિદાયત આપવામાં આવે છે. ઝિયારત વાસ્તે જાનાર મુમેનીનના કાફલામાં જો કોઈ રઝાના સાહેબ શામિલ હોય તો આ વાસ્તે કોઈ જ દિક્કતની વાત પૈદા થાતી નથી અને મુમેનીન બાસુકૂન ઈમામતની નમાઝનો ફાયદો હાસિલ કરે છે.

❋ ઈમામે આલે મોહંમદ (અ.સ.) ફરમાવે છે કે, જે શખ્સના દિલમાં નબી સાહેબના કાઈમ મકામનો મીસાક નથી, મવદ્દત નથી, માઅરેફત નથી અને દીની-દુનિયાવી ઝિંદગીનો કોઈ રાબેતો નથી તે શખ્સને પાછલ યા તેના સાથે નમાઝ પઢવામાં કોઈ કરામત નથી. તે નાસિબી શખ્સ, સાહેબે ઝુલફિકાર કસીમુન્નારે વલ જન્નહ મૌ. અલી (અ.સ.) ના આલે અત્હરના ઈમામો અને દોઆતનો મુન્કિર હોય, લેહાઝા તેના હર અમલ અને હર કલામ ફાસિદ, નાકિસ અને ગુમ્રાહકુન હોય છે. જેના દીનની બુનિયાદ જ વસીએ મુસ્તુફા (સ.અ.) ની દુશ્મની અને નિફાક પર નાંખવામાં આવી હોય તેની નમાઝ તો શું પણ તેના હર રોઝના વહેવારની ખૈરગુમાની કરવું પણ નામુનાસિબ છે. મુમેનીન એવી જગા પર જાય જ્યાં ગૈર લોગો ઝિયાદહ હોય અને ઝાહેરન પોતાની નમાઝ પઢવામાં ખૌફ હોય યા લોગોની નિગાહમાં આવતા હોય યા નાઈત્તેફાકીના હાલાત પૈદા થાવાનો અંદેશો હોય તો મુમેનીન પર વાજિબ છે કે, ઘરમાં પોતાની નમાઝ પઢીને નિકલે અને આમ લોગોના અમલમાં શરીક થાય. મજબૂરન જે વક્ત તેઓના અમલમાં શરીક થાવાની નૌબત આવે તો તે અમલને તતવ્વોઅ યા નાફેલતનો અમલ સમઝીલે. ખુદાતઆલા મુમિનના તતવ્વોઅના અમલને ઝાયેઅ કરતો નથી પણ તેની નિય્યત મુજબ અને હાલાત મુજબ સવાબમાં ઝરૂર દાખિલ કરી દે છે. ખુદાની નઝરમાં મુમિનના હર અમલ કાબિલે સવાબ અને હામિલે અજર છે. ✯

કુફ્ર અને ગુસ્સો, સબરના ભારી દુશ્મન છે.

Chemistry ના ઉસ્તાદ – જાબિર બિન હય્યાન

જાબિર બિન હય્યાન અત્તૌહીદીના ઝમાના પહેલા **Chemistry**-કીમીયાના ઈલ્મની પહેચાન અલાહેદા તૌર પર કરવામાં આવતી ન હતી. બલ્કે, **Chemistry** ના ઈલ્મને એક તરહનું **Manufacturing Science** માનવામાં આવતું હતું. ઈલ્મુલ કીમીયા-**Chemistry** ના **Principles** ને જાબિર બિન હય્યાને અલગ પહેચાન આપીને ઈલ્મનો એક નવો બાબ જહાનવાલાઓ વાસ્તે ખોલી આપો, યહાં તક કે સિર્ફ અરબના મુલ્કોમાં જ નહી પણ યુરોપમાં કીમીયા સાથે જાબિરનું નામ જોડવામાં આવું અને એમના **experiments** ને **"Theory of Jabir"** નામ આપવામાં આવું. જાબિરની આ ઈલ્મમાં શોહરત વાસ્તે આ દલીલ કાફી છે કે, ૧૫ મી સદી તક યુરોપની તમામ યુનિવર્સીટી માં ઈલ્મે કીમીયામાં જાબિરના કિતાબો સિવાય બીજા કોઈ પણ કિતાબો પઢાવાતા ન હતા યા તે વાસ્તે કોઈ બીજા **Sources** માઅલૂમ ન હતા.

તારીખી કિતાબોથી ઝાહિર થાય છે કે, જાબિર બિન હય્યાન પાઁચમાં ફાતેમી સરતાજ મૌ. જાઅફરૂસ્સાદિક (અ.સ.) ના શાગિર્દ હતા અને ઈલ્મે કીમીયાની તાઅલીમ ઈમામ (અ.સ.) પાસેથી હાસિલ કરતા હતા. આપ ઈમામ આપના હિકમતના એક કિતાબમાં ફરમાવે છે કે, જે વક્ત આપે એક કિતાબ તસ્નીફ કીધા અને એવો ઈરાદો કીધો કે, એ હિકમતના કિતાબ અને તેનું ઈલ્મ મહેફૂઝ રહે, તે વાસ્તે આપે જાબિરને તલબ કીધા અને ફરમાવું કે, **"અય જાબિર, આ કિતાબ મારી ઈલ્મી કોશિશોનો નતીજો છે. હું ચાહું છું કે, તમેં તેને લખવા વાસ્તે એવો કાગઝ બનાવો કે તે કાગઝને આગ પણ જલાવી ન શકે, કીડા પણ તેને ખાઈ ન શકે અને આમ મારા કિતાબ નુકસાનથી મહેફૂઝ રહે."**

જાબિર કૂફા શહેરમાં પોતાની **Chemistry Lab** રાખતા હતા, જેમાં ઈલ્મે કીમીયાને લગતા મુખ્તલિફ તજૂરબાત **(Experiments)** કરતા હતા. આ **Lab** ની બાઝૂમાં એક મકતબ હતું, જેમાં ઈલ્મુલ કીમીયાના ઘણા જ **Important** કિતાબોનો ઝખીરો હતો. જાબિર જુદા જુદા વાસણોમાં કાગઝો લેતા અને તેના ઉપર મુખ્તલિફ **Liquid Mixture** નાખતા અને તે બાદ તેને આગમાં નાખતાં. આખિરમાં જાબિરે એવા કાગઝ તૈયાર કરી લીધા કે જેની કૈફીયત અને બનાવટની હિદાયત ઈમામ આલી મકામે આપી હતી. તે બાદ આપ ઈમામ આલી મકામની કિતાબને લઈને હાઝિર થયા. ઈમામ (અ.સ.) સાથે તે વક્ત આપના અસ્હાબ પણ હતા. તે વક્ત જાબિરે તે કિતાબને કપડા માંથી નિકાલા અને આગમાં નાખા. બધા જ અસ્હાબ કિતાબને આગથી બચાવવાની કોશિશ કરવા લાગા, તે વક્ત ઈમામે બધાને બેસી જાવાનું ફરમાન કીધું. કિતાબને આગની કોઈ જ અસર ન થઈ અને તેનો હર વરક મહેફૂઝ રહ્યો. કિતાબને કોઈ જ નુકસાન ન થયું. આ જોઈને ઈમામ (અ.સ.) જાબિરની મહેનત અને કોશિશથી ઘણા જ ખુશ થયા.

જાબિરને "અબુ કીમીયા" - **Father of Chemistry** કહેવાય છે, કેમકે, આપ પહેલા શખ્સ છે જેએ મુખ્તલિફ **Acids** કેમ બનાવવા તેનો તરીકો ઈજાદ કીધો. **Acids** બગૈર ઈલ્મે કીમીયાનો કોઈ જ વુજૂદ નથી, યા તેના સિવાય આ ઈલ્મની કોઈ જ તસ્વીર ન આવી શકે. જાબિર તે પહેલા શખ્સ છે કે જેએ **Vinegar** અને **Nitric Acid** ઈજાદ કીધા. આ બન્ને ચીઝોના **combination** ની ઝિક્ર જાબિરે પોતાના કિતાબ "સન્દૂકુલ હિકમત" માં કીધેલી છે. ઈ.સ. ૧૮૯૩ માં **French Scientist "Berth Lot"** એ એક કિતાબ લખી છે, તેમાં કહે છે કે, જેમ **Logic** માં **Aristotle** નું મકામ છે, તે જ મકામ ઈલ્મે કીમીયામાં જાબિર વાસ્તે છે. ☆

જે વક્ત હિકમતની વાતો કે ઈન્સાફનો ફેસલો સંભલાવવાનો હોય તે વક્ત ખામોશી ખરાબ છે, જેમકે જહાલતમાં (બેખબરીમાં) બોલવાથી કોઈ બહેતરી નથી.

There is no good in silence over matters involving wisdom and justice, just as there is no good in speaking with ignorance.

નેક અંજામનો ઈન્તેઝાર કરવો એ બહેતરીન સબર છે.

તિજારત

યા અલી અલ મદદ

" વ્હોરા આલમમાં " ટોપી " નું રાજ, જાણે શોભે મસ્તકે તાજ "

ભાઇસાહેબ ઇબ્રાહીમ

સરનામું : વાડી બદરી મોહલ્લા નાકા, વડોદરા-૧૭.

આવી રહેલા ઇબાદતના મહિનાઓની તૈયારી રૂપે અમારે ત્યાં મનપસંદ ડીઝાઇનોમાં દરેક પ્રકારની ટોપીઓ મળશે.

સમય : સાંજે ૫ થી ૮ / મો.: ૯૪૨૭૮૪૧૧૨૩

સોફીયા જે. વ્હોરા

સોફીઝ ફેશન

ડીઝાઇનર સલવાર કમીઝ, સાડી, રીદા, ડ્રેસ મટીરીયલ્સ અને શાદીની જોડીઓ બનાવનાર

સરનામું : લાઈફ લાઈન ક્લીનીક, ૨૭૦ - રામપાર્ક, આશીયાના એપાર્ટમેન્ટ પાછળ, આજવા રોડ, વડોદરા-૧૯.

સંપર્ક કરો : ૯૯૯૮૪૧૩૫૫૬

(સોમવાર થી શુક્રવાર ફક્ત એપોઇન્ટમેન્ટ દ્વારા)

Learn & Earn

Tally

Authorised Training Center & Sales Partner

MS Office
Internet
Tally ERP 9
DTP
Live Web Designing + Hosting
PGDCA Certificate Course (I Year)
C,C++
School Syllabus, Spoken English

GOVT. CERTIFICATION

LOKHANDWALA'S COMPUTER EDUCATION

Gendigate Main Rd., Vadodara, Ph.: 2410862
(M) 98980 86320

Mohsin S. Surti
M.: 9825552151
Ph.: 0265-2521569

M.M. GLASS

All Kind of Glass Merchants
Specialist in :
Alluminum Doors-Windows Partition Works.

G-1, Shalimar Flats, Nr. Telephone Exchange, Water Tank, Ajwa Road, Vadodara.

મખ્ફી વાતને મખ્ફી રાખવી તે અમાનતદાર શખ્સનું જૌહર છે.

મદેહ

મુબારક મુંબઈવાલોં શહે ઝીશાન આયા હે,
તુમ્હારી સર ઝમીં પર દીન કા સુલતાન આયા હે,
રહો તૈયાર, તુમ કો જાનો દિલ તૈયાર કરના હે,
જિલાને નફ્સે મુમિન દીન કા સુલ્તાન આયા હે.
તુમ્હારી સર ઝમીં પર અબ હુઆ આગાઝ મસ્જિદ કા,
તુમ્હેં કુરઆં સુનાને બોલતા કુરઆન આયા હે.
ઘટા રહે મત કી છાયેગી બહેંગે ઈલ્મ કે ચશ્મે,
ઈમામે અસ્ર કા દાઈ અઝીમુશ શાન આયા હે.
ફસાદાતે ઝમાના સે રહે મહેફૂઝ હર મુમિન,
દિખાને અમ્ન કી રાહેં શહે ઝીશાન આયા હે.
લુટાયેગા હરએક સૂ ઈલ્મ કે યે ગૌહરે નાયાબ,
ઈમામી શાન સે યે સાહેબે ઈરફાન આયા હે.
ઝુકા દો અય નદીમ અપની જિબીં તુમ સજદએ હક્ક મેં,
પિલાને જામે કૌસર સાહેબે કુરઆન આયા હે.
ન ઢુંઢો ઝિયાઉદ્દીં સા કોઈ સાની,
ફરિશ્તા સિફ્ત ઐસા ઇન્સાન હોગા.
અલી ઈલ્મ કે બાબ મુઝ પર કરમ કર,
કે અસ્વી કા હર દમ તું સુલતાન હોગા. ☆

તિજારત

.....Changing **"DESI TREAT"** with a New Name.....

Cafe Royal

House Of Quality Food

MUGHLAI * CHINESE * PUNJABI FOOD

Tandoori Roti is our Speciality

GF-6, Sai Vihar Apartment, Opp. Emperor Complex, Fatehgunj Main Road, Vadodara - 02.

Kasim / Mazhar / Jabirbhai - +91-9016801117

બે લાલચખોરોનું પેટ કદી ભરાશે નહીં :
૧) ઈલ્મના તલબગારનું
૨) આ દુનિયાના તલબગારનું.

Two greedy persons never get satiated, the seeker of knowledge and the seeker of this world.

સબર કરવાથી મુમેનીનને જન્નતમાં આઅલા દરજાની રિહાઈશ અને સુકૂનબખ્શ મકાનો હાસિલ થાય છે.

અન્નજફુલ અશરફ

સૈયેદુલ વસીયીન, અમીરૂલ મુમેનીન મૌલાના અલી (અ.સ.) પોતાના આખરી વક્તમાં અપની કબ્રે મુબારક કઈ જગા તાઅમીર કરવી તે સિલસિલામાં ઈમામૈન હસનૈન (અ.સ.) ને વસીયત ફરમાવે છે કે, "મને એક જનાઝામાં મુકજો તે બાદ તે જનાઝાના પાછલના હિસ્સાને આપ બેવે ઉઠાવજો અને આગલના હિસ્સાને મલાએકત-ફરિશ્તા ઉઠાવશે. તે બાદ આપે ફરમાવું કે, તમેં બેવે મારા જનાઝાના સાથે ચાલજો યહાઁ તક કે, આપ નજફે અશરફની ઝમીન તરફ આવો. તે જગા પર તમને એક સફેદ પત્થર નઝર આવશે, તે ખોદજો. તેમાં સોનાના પાનીથી લખેલું હશે કે, **"આ કબરને આદમ (અ.સ.) અને નૂહ (અ.સ.) એ અલી બિન અબી તાલિબ વાસ્તે મુકર્રર કીધી છે."**

તારીખના સાહેબો એમ લખે છે કે, નજફે અશરફમાં આદમ (અ.સ.), નૂહ (અ.સ.), હૂદ (અ.સ.) અને સાલેહ (અ.સ.) ની કબ્રે મુબારક છે. અમીરૂલ મુમેનીન મૌલાના અલી (અ.સ.) એ "ખોવરનક" થી કૂફાની તમામ ઝમીનને ત્યાંના કિસાનો પાસેથી ૪૦ હઝાર દિરહમમાં ખરીદી હતી. અરઝ કરનારે અરઝ કીધી કે, અય અમીરૂલ મુમેનીન! આ ઝમીન જે બંજર છે, જેમાં એક ઝાડ પણ નથી ઉગતું તેને આટલી મોટી કીમતમાં આપ ખરીદો છો? આપે ફરમાવું કે, રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ફરમાવતા હતા કે, આ ઝમીન માંથી ૭૦ હઝાર લોગો જન્નતમાં બગૈર હિસાબ દાખિલ થાશે અને હું ઉમ્મીદ કરૂં છું કે, આ લોગો મારી મમલેકત માંથી હોય.

અમીરૂલ મુમેનીન (અ.સ.) એ અહલેબૈતને વસીયત કરતા ફરમાવું કે, **"તમેં મારી કબ્રની નિશાનીઓ મખ્ફી રાખજો."** તારીખી કિતાબોમાં ઝિક્ર છે કે, ઈમામતના તાજદારો માંથી મૌ. ઈમામ હસન (અ.સ.), મૌ. ઈમામ હુસૈન (અ.સ.), મૌ. ઈમામ અલી ઝૈનુલ આબેદીન (અ.સ.), મૌ. ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) એ નજફે અશરફમાં અમીરૂલ મુમેનીનની ઝિયારત કીધી છે. જો કે તે મખ્ફી હતી. આ ઝમાનમાં તેના પર રોઝા મુબારકહની તાઅમીર થઈ ન હતી. શીઆ-ખોલસા માંથી ચુનંદા લોગો જ કબ્રે મુબારકની નિશાનીઓથી વાકિફ હતા.

મૌ. ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) ના ઝમાનમાં દમિશ્કમાં બનુ ઉમૈયહનો ખાતેમો થયો અને તેઓ બાદ બનુ અબ્બાસ બગદાદામાં સલતનતના માલિક થયા. તેમાં હારૂન રશીદના ઝમાનમાં મૌલાએ કાએનાતની કબ્રે મુબારક એજાઝથી ઝાહિર થઈ અને અબ્બાસી દૌરમાં કુબ્બહ મુબારકહની પહેલી તાઅમીર થઈ.

મોઅર્રેખીન લખે છે કે, હારૂન રશીદ શિકારનો ઘણો જ શૌકીન હતો. એક દિન તે હરણીના શિકાર વાસ્તે કૂફાના બહાર ટેકડીઓ પર આમતેમ ફિરતો હતો. આ શિકાર કરવામાં તેએ બાઝ પરિન્દા અને કુતરાઓને સાથે રાખા હતા તેમજ તેના ખાદિમો પણ સાથે હતા. તે દિન તેને એક ટેકડી પર હરણી જોઈ. તેના તરફ તેને તીરનો નિશાનો લગાવો, તો તીર છટકી ગયું અને હરણી ટેકડીનો સહારો લઈને છુપાઈ ગઈ. હારૂને બીજી વાર - તીસરી વાર હરણીનો શિકાર કરવાની કોશિશ કીધી, મગર તેના તીરો હાથ માંથી છટકી જાતા અને તે વાંકા થઈને ઝમીન પર પડી જાતા હતા. આ વાકેઆથી હારૂન રશીદને ખૂબ જ તઅજ્જુબ અને હૈરત થઈ. તેને પોતાના ખાદિમોને મોકલી તે જગાની તપાસ કરાવી. કેમકે, હારૂન શિકારમાં ખૂબ જ માહિર અને તજરૂબેકાર હતો. શિકાર વાસ્તે તેનું એક તીર પણ કોઈ દિન ખાલી જાતું ન હતું.

ખાદિમોએ તપાસ શુરૂ કીધી તો તે ટેકડીની આસપાસ વસનારા લોગો કંઈ બોલતા ન હતા. તેમાં એક બુઝુર્ગ શખ્સ હતા. જેએ કહ્યું કે, મને હારૂન પાસે લઈ જાવ. તે બુઝુર્ગ શખ્સ જે વક્ત હારૂન રશીદના કરીબ આવા તો કહ્યું કે, જો તું મને અમાન આપતો હોય તો મેં તુંને આ જગાની અહેમીયત બતાઉં. હારૂને કહ્યું કે, હમેં તમને કોઈ તકલીફ નહીં પહોંચાવીએ. તે શખ્સે કહ્યું કે, તે જગા અમીરૂલ મુમેનીન મૌલાના અલી બિન અબી તાલિબ (અ.સ.) ની કબ્રે મુબારકની છે. આપ મૌલા યહાં સિપુર્દે ખાક થયા છે, લેહાઝા આ જગા પર ઈન્સાન શું મગર હયવાન પણ સલામત છે.

અમીરૂલ મુમેનીન (અ.સ.) ના મશહદ મુબારકમાં એક તરફ એક કમાનના ઉપરના હિસ્સામાં હારૂન રશીદના હરણીના શિકારનો કિસ્સો બતાવવામાં આવો છે. જે તસ્વીર હકીકતની વઝાહત કરે છે. નજફે અશરફમાં મશહદે અમીરૂલ

(બકીયાહ પેજ નં. ૧૦૫૨)

અલ્લાહતઆલા હમેશા સબર કરનાર મુમેનીનને સાથે જ છે.

ઈબરતનાક અહાદીસે બની ઈસ્રાઈલ – કિસ્સો : ૧૩

ખમર (દારૂ), ઉમ્મુલ ખબાઈસ છે ચાઅની તમામ બુરાઈઓની માઁ છે.

એક ઈસ્રાઈલી જવાન ઈબાદતગુઝાર ખુદાતઆલાનો દિલમાં બેહદ ખૌફ રાખતો હતો. ગુનાહની બદીથી પોતાની ઝાતને દૂર રાખતો હતો. ખુદાતઆલાએ તેને જે ઝિંદગી અને ઈબાદતની તૌફીક બખ્શી હતી, તે વાસ્તે એહસાને ખુદાવંદી માનતો હતો. પોતાનો રબ નારાઝ થાય તેવો કોઈ અમલ તેને કુબૂલ ન હતો. હમેશા ઈબાદતગાહમાં જઈને ખુદાની તસ્બીહ અને તકબીરમાં મશ્ગૂલ રહેતો હતો. આ પરહેઝગાર જવાનની ચર્ચા અને તેની ઈબાદતની મિસાલ હર કોઈની ઝબાન પર હતી. તે આબાદીના બાશિંદાઓ આ જવાનની ખૂબ ઈઝ્ઝતો અઝમત કરતા હતા.

દુનિયાનો દસ્તૂર છે કે, નેક લોગોના દુશ્મનોં અને હસદખોર તો હોય જ છે અને તેઓ બદીને હવા આપવા મકરબાઝીના ચક્કર ચલાવા જ કરે છે. ઈબાદતગુઝાર જે રસ્તા પરથી ઈબાદતગાહ તરફ બંદગી વાસ્તે જાતો હતો તે રસ્તા પર એક બદકાર, ઝિનાખોર અને બદચલન બૈરો રહેતી હતી. ઈબાદતગુઝારને પોતાના કબ્ઝામાં કરવાની તેની વરસોની તમન્ના હતી, પણ તે કામિયાબ નહોતી થઈ શક્તી. એક દિન ઈત્તેફાક એવો બનો કે, તેનો મકરબાઝીનો ચક્કર તે ઈબાદતગુઝાર જવાન પર ચાલી ગયો અને તે ફાહેશા બૈરો ધોકાથી તે જવાનને પોતાના ઘરે લઈ ગઈ. જવાનને મુતઅસ્સિર કરવા તેએ ઉમ્દામાં ઉમ્દા પકવાનો જમાડા અને પોતાના બદનને ઝૈબો ઝીનતના સામાનથી અને ઉમ્દા લિબાસ પહેરીને સજાવું અને આ જ હાલતમાં પોતાની ઝાતને જવાનને નઝદીક પૈશ કીધી. **જવાને તેના તરફ વધારે તવજ્જોહ ન કીધો અને તેના હુસ્નો જમાલને હલકી નિગાહથી જોયું.** જે વક્ત જવાન તેના ઘરમાંથી જાવાની તૈયારી કરવા લાગો તો બૈરોએ તેનો રસ્તો રોકી લીધો અને જવાનનું દિલ જીતવા તરહ-તરહના હીલા કરવા લાગી.

તે બૈરો એક મોટી થાલી લઈને આવી અને તેમાં ખમર (શરાબ) નો પ્યાલો, ઈલાહી કિતાબ અને એક નાનું બચ્ચું મુકીને લાવી. બૈરોએ કસમ અપાવા કે , અય જવાન! તુંએ જેટલા કલાક મારા સાથે ઘરમાં ગુઝારા છે, તેના સબબ હવે તારી ઈઝ્ઝત મારા હાથમાં છે અને તું આ મારા ઘરથી બાહર નથી જઈ શક્તો જ્યાં તક તું મારા બતાવેલા ચાર કામોં માંથી કોઈ એક કામ ન કરે. ઈબાદતગુઝાર જવાને સવાલ કીધો કે, તે ચાર કામ કયા છે? બદકાર બૈરોએ ફૌરન જવાબ આપો કે, યા તો તું મારા સાથે ઝિના કર, બદકારી કર, યા આ ઈલાહી કિતાબને તું જલાવી દે જે કિતાબ મારા બાપ તરફથી મને મિલેલી છે અને તેની હિદાયતોનું મને કોઈ કામ નથી, યા આ નાના બચ્ચાને તું કત્લ કરીને બાલી નાંખ કેમકે, તે ઝિનાનું બચ્ચું છે અને તે બચ્ચા વાસ્તે મારા દિલમાં કોઈ લગાવ નથી, યા તો તું આ તશ્ત-થાલીમાં મુકેલા શરાબના પ્યાલામાંથી ત્રણ ઘૂંટ પી જા.

ચાલબાઝ બૈરોની આ વાતથી જવાન હૈબતમાં પડી ગયો અને પોતાના મનમાં સોચવા લાગો કે, જો હું આ માઅસૂમ નાના બચ્ચાને નાહક્ક કત્લ કરીશ તો મારા પર કિસાસ આવી જાશે અને તેની ભરપાઈ મને કરવી પડશે. આ ઈલાહી કિતાબને જલાવી દેવી તે તો કેટલો મોટો ગુનાહ કહેવાય અને જો હું તે કરૂં તો ખુદા મને કોઈ વક્ત મઆફ કરશે નહી. આ બદકાર ઔરતથી ઝિના તો મારી સાલોંની ઈબાદતને ખત્મ કરી દેશે. મેં દાગદાર થઈ જઈશ અને લોગો મને બેઆબરૂ કરી દેશે. ઝિનાના અઝાબથી ખુદા મને બચાવે કેમકે, ઝાનીને તો પત્થરોંથી મારી નાખવાનો હુકમ છે. આખિરમાં આ જવાનની જે કામ પર નઝર ગઈ તે શરાબના પ્યાલા પર હતી. તે સોચવા લાગો કે, આસાનમાં આસાન કામ તો શરાબ પીવું છે. ત્રણ ઘૂંટમાં શું થાશે! હું આ પી લઉં અને જલ્દીથી આ બદકારના ઘરમાંથી નિકલી જાઉં અને પછી તરત જ ખુદાની બારગાહમાં તૌબા કરી લઉં.

જે વક્ત બદકાર બૈરોએ જોયું કે, જવાનનો તવજ્જોહ શરાબના પ્યાલા તરફ છે તો તેએ કહ્યું કે, અય જવાન! આ શરાબ વાસ્તે તું આટલું બધું સોચે છે. મારા હુસ્નો જમાલ સામે આ શરાબનો નશો કંઈ જ નથી, લોગો મારો ચહેરો જોઈને એક-બે નહીં પણ સેંકડોં કદેહ આમને આમ પી જાય છે. આ સાંભલીને જવાનને જોશ ચઢો અને ત્યાંથી જલ્દીથી નિકલી જાવાની પૈરવી કીધી. **તેએ શરાબના ત્રણ ઘૂંટ પી લીધા તો ફૌરન તેના મિઝાજમાં તબ્દીલી આવી, નશો ચઢવા લાગો,** અક્લો હવાસ ખોઈ બેસો અને તે બદકાર ઔરતનો હાથ પકડીને ઔર ઝિયાદહ શરાબ તલબ કરવા લાગો. જે વક્ત શરાબ તેના સર પર ચઢીને બોલવા લાગી તો મદહોશીમાં બક્વા લાગો કે, અય બૈરો! તું તારી ઝાતને મારા હવાલે કરી દે. બૈરોએ જવાનને ધક્કો મારો અને તેને

(બકીયાહ પેજ નં. ૧૪ પર)

રોઝું જેમ રોઝદારની ખ્વાહેશાતને મંદ પાડી દે છે, તેમ સબર ઈમાનદારમાં પૈદા થાતા થોડા પણ કુફ્રને ખત્મ કરી દે છે.

બદબખ્ત બૈરો

દાઅવતે શરીફહની કિતાબોંમાં બયાન વારિદ છે કે, **"લા યફલહો કૌમુન તમલેકોહુમ ઇમ્રઅતુન"**, યાઅની તે કૌમ કામિયાબ નહીં થાય, તરક્કી નહીં કરે કે જે સઘલા પર બૈરો હુકૂમત કરતી હોય. બૈરોની તબીઅતમાં હસદ, હિર્સ અને જઝબાતની મિકદાર ઝિયાદહ છે, લેહાઝા જો તેના હાથમાં હુકમની લગામ આવે તો ઘણા કામોંમાં પૈચીદગી અને બિગાડ પૈદા થઈ શકે છે. મરદની મોટામાં મોટી દૌલત આબેદહ, સાલેહા, શાકેરહ અને સાબેરહ બૈરો છે કે, જેને માઅલૂમ હોય કે ઘર કેમ હોય, ઘર કોને કહેવાય અને ઘર કેમ સચવાય.

એક કમનસીબ શખ્સ શખ્સખાન કે જે અહમદાબાદમાં સૈયેદનાની ખિદમતમાં હતો, દાઅવતના ઝુમ્રામાં હતો અને મુમેનીનમાં ઈઝઝતદાર હતો તે કઈ તરહ બલાઓ મહેનતમાં ગિરફ્તાર થયો, દીને હક્કને છોડીને મરતદ થયો અને ગુમ્રાહી પર સવાર થઈને મુખાલેફીનની કૌમમાં જઈ મિલો. આનો સબબ એ બનો કે, તેની બૈરો ઈબાદત અને અકીદામાં કાચી હતી, દિમાગથી ફિરેલી હતી, શકની કૈદી હતી અને દીનના હર અમરમાં નુક્સ ઢુંઢવામાં માહિર હતી. શખ્સખાન તેની બૈરોની આ તરહની કૈફીયતથી વાકિફ હતો પણ ઘણી વક્ત બૈરોની વાતમાં આવી જાતો હતો. સૈયેદના તરફથી પણ શખ્સખાનને બૈરોની ગુલામી અને બદબખ્તી ની ખરાબી વાસ્તે હિદાયત મિલતી હતી. આના બરખિલાફ શખ્સખાનના માઁ નિહાયત દીનદાર, અકીદાના પાકા, ઈમાનમાં પુખ્તા, સૈયેદનાના મોહિબ્બહ, દાઅવતે શરીફહની ખિદમત વાસ્તે હર વક્ત તૈયાર રહેતા હતા. શખ્સખાનના માઁ જે કઈ નસીહત કે ખૈરખ્વાહી પોતાના ફરઝંદને કરે તેના પર તેના બૈરો પાની ફેરવી દેતી હતી. આ રવૈયાથી શખ્સખાનના માઁ ખૂબ ફિકરમંદ અને પરેશાનહાલ હતા.

ઝમાનો ગુઝરતો ગયો અને આહિસ્તા-આહિસ્તા શખ્સખાને પોતાના માઁની ઈતાઅત અને ખિદમત મુકી દીધી. એક દિન તેના માઁ એ શિકાયત કીધી કે, "અય દિકરા! મારા માથામાં જૂ ઘણી પડેલી છે, લેહાઝા મને ગરમ પાની લાવી આપો અને કંગી આપો." શખ્સખાન ગુસ્સામાં બોલો કે, "કંગીની કોઈ ઝરૂરત નથી. તમારા માથા પરથી બધા જ બાલ સાફ કરાવી દો." આ બદકલામી સાંભલી માઁને ખૂબ સદમો થયો. મૌકાનો ફાયદો ઉઠાવીને શખ્સખાનની બૈરોએ ગલત-સલત વાતોં કરીને એના કાનને નાપાકીથી ભરી દીધા અને એને બહેકાવી દીધો. સદમાના સબબ શખ્સખાનના માઁ બિમાર પડા અને આ જ હાલતમાં હજામ સાથે માઁના બાલ ઉતારાવી દીધા અને માઁને ઘરથી બાહર કાઢી મુકા.

માઁએ શખ્સખાનની આ નાદાની અને બેઅદબી પર સબર કીધો મગર દિલ અફસોસ અને ગમથી ભરાઈ ગયું. આ ગમના બાઈસ માઁની હાલત બિગડતી ગઈ અને આખિરકાર વફાત થઈ ગયા. બેરહેમ શખ્સખાન બૈરોની ગુલામીમાં એટલો જકડાઈ ગયો હતો કે, તે માઁના મૈયેત અને કફન-દફનમાં પણ આવો નહીં. બૈરોના ફંડામાં આવીને શખ્સખાને દીન મુકી દીધું, અકીદાથી ફિરી ગયો, મુમેનીનની જમાઅતને છોડી દીધી, અહલુલ બૈત (અ.સ.) ના મઝહબથી ખિલાફ થઈ ગયો, પોતાની આકેબત, આખેરત અને મઆદને બિગાડી દીધો અને માઁની નાફરમાની કરીને નારે જહન્નમના શોઅલાનું જમન બનો.

આ વાકેઆથી મુમેનીન પર લાઝિમ છે કે, કોઈ બવક્ત વાલેદૈનની ખિદમતને ન મુકે, બદબખ્ત બૈરોના કબ્ઝામાં ન આવે, હર વાતને અક્લના તરાઝૂમાં મુકીને પછી અમલ કરે. વાલેદૈનની ખિદમત જ જન્નતમાં જાવાનો દરવાઝો છે. ✯

(પેજ નં. ૮ નું બાકી)

મુમેનીનની મગરિબની જાનિબમાં એક મકાન છે, જે મકામે મૌ. ઈમામ અલી ઝૈનુલ આબેદીન (અ.સ.) થી માઅરૂફ છે. ઈમામ (અ.સ.) જે વક્ત મદીનાથી નજફે અશરફ મૌલાની ઝિયારત વાસ્તે પધારતા હતા તો આ મકાનમાં રહેતા હતા. યહાઁ પર એક રાત ગુઝારતા, તે બાદ ઝિયારત કરીને દોઆઓની તિલાવત કરતા હતા. તે બાદ કરબલા તરફ સફર કરતા હતા. આપને સાથે મૌ. ઈમામ મોહંમદુલ બાકિર (અ.સ.) પણ રહેતા હતા. આપનો આ અમલ મખ્ફી રહેતો હતો. નજફે અશરફનો ઈલાકો દરિયાની સપાટીથી તકરીબન ૨૩૦ ફૂટ ઉંચો છે. હારૂન રશીદને શિકારની નાકામિયાબી પછી ઈબરત થઈ અને કબ્રે મુબારકની જગાની હિફાઝત કરવાનો હુકમ કીધો. હિજરી સન ૧૭૦ માં કુબ્બહ મુબારકહની તાઅમીરનો હુકમ કીધો. ✯

અહલુલ બૈત (અ.સ.) નો મુમેનીનને પહેલામાં પહેલો પૈગામ ઝમાનાના લોગોના ઝુલ્મથી બચવા વાસ્તે સબર કરવાનો છે.

મુબારકબાદ

સબ ચીઝ હે ફના યહાઁ એક ઇલ્મ હી નહીં,
સબ ચીઝ કી કીમત હે મગર ઇલ્મ કી નહીં,
ગર હો જવાન, બૂઢા હો યા નૌનિહાલ હો,
ઇઝ્ઝત મિલેગી ઇલ્મ કે ઝિલ્લત કહીં નહીં.

નાઈબે ઈમામે તૈયેબી, દાઈએ મસ્નદે ફાતેમી હુઝૂરેઆલી સૈયેદના વ મૌલાના અબૂ હાતિમ તૈયેબ ઝિયાઉદ્દીન સાહબ (ત.ઉ.શ.) ની બાતાઅસીર દોઆની બરકતોંના સબબ, "મિશ્કાતુલ હાદી" દીની અખ્બારનો ઈદારો તેના તમામ કારેઈને મોહતરમના નૂરે નઝર, લખ્તે જિગર ફરઝંદો-દુખ્તરોં ને તેમની બાકમાલ કામિયાબી વાસ્તે ખુશદિલીથી મુબારકબાદી પૈશ કરે છે. હર નૈકી બાદ અજર હોય છે, હર સફર બાદ મંઝિલ હોય છે, તેમ હર ઈમ્તેહાન બાદ નતીજો હોય છે. જમાઅતના બચ્ચાઓએ સ્કૂલી ઈમ્તેહાનમાં ખૂબ તદબીર કરી, ઝહેનથી મશક્કત કરી આ મુજબનો નતીજો હાસિલ કીધો છે જે વાલેદૈન વાસ્તે બાઈસે ફરહત છે. શહીદે આઅઝમ સૈ. અલી સાહબ (આ.કુ.) ના ઈમાની ગુલિસ્તાનના આ ફૂલોં હર વક્ત મહેકતા રહે, ખિલતા રહે અને હર સાલ કામિયાબીના નવા રંગ સાથે જમાઅતનું નામ રોશન કરે, એવી ઉમ્મીદે હસીન સાથે . . .

ધોરણ - ૧



ટીનવાલા અલીહુસેન એન.
A

ધોરણ - ૨



વ્હોરા હસનઅલી એ.
97%



પાઘડીવાલા ફૈઝઅલી એ.
92.33%



મેવલીવાલા સકીના એસ.
91.33%



ધોલકાવાલા સકીના એ.
A



રેતીવાલા આલીયા વાય.
A

ધોરણ - ૨



અત્તરવાલા કુલસુમ ઓ.
A

ધોરણ - ૩



ગોદીવાલા સાઝીયા આર.
94%



મોતીવાલા અમાનઅલી એમ.
93.66%



પુનાવાલા ફાઝીલઅલી એચ.
93.20%



ગાંધી કલ્બેઅબ્બાસ જે.
92.60%



મુસ્લીવાલા હુસેની એન.
90.20%

ધોરણ - ૩



કોઠીવાલા શાહીન એચ.
89.20%

ધોરણ - ૪



ધોલકાવાલા ફાતેમા એ.
A



સુરતી અલીઅબ્બાસ વાય.
A



કાગદી સકીના આઇ.
84.33%

ધોરણ - ૫



સોરંગવાલા અલેફીયા એ.
87.50%



સમલાયાવાલા સકીના એસ.
87%

જેમ માથાના હોવાથી ઈન્સાનની શનાખ્ત થાય છે તેમ સબર કરવાથી ઈમાનની પહેચાન થાય છે.

ધોરણ - ૫



સુરતી ગુલામહુસેન ટી.
86.66%



ઝાંપાવાલા સકીના એ.
85.50%

ધોરણ - ૬



ગાંધી ફાએઝા જી.
91.16%



ધોલકાવાલા અમીરૂદ્દીન એ.
A2

ધોરણ - ૭



સમલાયાવાલા ફાતેમા એમ.
84%

ધોરણ - ૮



બરોડાવાલા ઝૈનબ એન.
96%

ધોરણ - ૮



ટીનવાલા ઝુબેદા એસ.
92.85%



ટેલર નુરૂલએૅન એમ.
92.44%



વ્હોરા શાહીન એ.
92%

ધોરણ - ૧૦



સોરંગવાલા અસ્મા એચ.
90.85%



અત્તરવાલા અલીઅબ્બાસ એસ.
89%



ટીનવાલા મરીયમ એ.
90%

ધોરણ - ૧૦



સુરતી અફઝલ એન.
88.6%



લોખંડવાલા સકીના એ.
88.5%



ટીનવાલા હુસેની એસ.
81.5%

ધોરણ - ૧૨



કેનવાલા સના એ.
81.87%



ધોલકાવાલા હાતીમઅલી એ.
80.13%



અત્તરવાલા ઝાહીદઅલી ડી.
77.20%

-::: Shining Stars ::::-



Chasmawala Ayan A.



Dholkawala Hatimali A.



Lokhandwala Alefiya S.

-::: મુબારકબાદ :::-

દીકરી **મોતીવાલા સકીના (ઝિયા) અલીઅસ્ગર** એ પોણા ત્રણ સાલની કમસિનીમાં યૌમે મબ્અસ (સવા લાખ મોતી) નું રોઝૂ રાખું હતું. મુબારકબાદી સાથે હમે દીકરી વાસ્તે દોઆએ ખૈર કરીએ છીએ. ✯



મોતીવાલા સકીના એ.

Brother **Ayaanali Ahmadali Chashmawala** studying in Navrachana Vidyani Vidyalaya has participated and passed in the International Standard of UCMAS ABACUS COMPUTATION (ZHUSUAN) Proficiency Examination held April 2013. ✯

Brother **Hatimali Asgarali Dholkawala** studying HSC Commerce, Zenith School stood 4th amongst 80 successful candidates and got highest 95% marks in Organization of Commerce in the Exams held in March 2014. His efforts and mental acumen contributed to his success. ✯

Sister **Lokhandwala Alefiya Shamsuddin** studying in Home Science (MSU, Baroda) has participated in a program JENESYS 2.0 conducted by Japan International Co-operation centre under the banner of "The Short-Term Invitation Programme for Students of SAARC Countries (India)" and she visited Japan from 3-10 June 2014. This is the first instance from our community that a student has got selected for this type of Educational Tour from such a huge University. She is indeed our pride and has set example for other students to get the best out of efforts. ✯

નેક લોગો જે વક્ત આ દુનિયાથી ઈન્તેકાલ કરે છે, તો સબર કરવાની વસીયત

રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની ૧૨ સુન્નતો
ભલાઈના કામોનો હુકમ કરવો, બુરાઈથી બચવું અને હર વક્ત સાચું બોલવું : કિસ્ત - ૮

અંબિયાએ કિરામ (અ.સ.) નો અકીદો છે કે, જે વક્ત નફ્સ-જાન તેના જિસ્મથી જુદા થાય છે, તો ભલેને જિસ્મ ફના થઈ જાય પણ જાન તો બાકી જ રહે છે. મૌ. ઈસા રૂહુલ્લાહ (અ.સ.) હવારીયૂનને વસીયત કરે છે કે, "તમારા જિસ્મ સાથે તમારા અમલ જોડાયેલા છે અને ભલા અમલનું ફલ તમારા નફ્સને હાસિલ થાશે." બાકી રહેલી નફ્સ એ વાતની દલીલ છે કે, ખુદાતઆલા તમારા જાનની પાકીઝગી ચાહે છે અને તે નેક આઅમાલ સિવાય મિલી શકે એમ નથી. જે વક્ત મૌ. ઈસા (અ.સ.) બની ઈસ્રાઈલની કૌમમાં નબી તરીકે મબઊસ થયા તો આપે જોયું કે, લોગો મૌ. મૂસા કલીમુલ્લાહના દીન પર ચાલી રહ્યા છે, આપની ઝાહિરી શરીઅતથી પણ વાબિસ્તા છે, તૌરાત અને બીજા આસ્માની સહીફાઓ પઢી રહ્યા છે, પણ જે ચીઝોંને શરીઅતમાં ફરઝ કરવામાં આવી છે, તેના પર અમલ કરવામાં કુસૂર કરી રહ્યા છે, દીનને સહી તૌર-તરીકાથી સમઝવાના બદલે બીજાનું જોઈ-જોઈને ગૌરો ફિકર કીધા બગૈર ગલત ચીઝોને અપનાવી રહ્યા છે, **અક્લથી નહીં પણ નકલ કરીને ઝિંદગી ગુઝારી રહ્યા છે.**

ન તો લોગોને આખેરત તરફ કોઈ રગબત છે, ન ખુદાના સવાબો અઝાબના હિસાબની પરવાહ છે, ન નૈકીની માઅરેફત છે, ન પોતાના આખિરી અંજામની કઈ સમઝ છે, ન દીનદારીનો કોઈ તકાઝો છે, ન ભલા લોગોની કઈ ઈઝઝત છે. બસ! છે તો દુનિયાદારી છે અને તે સિવાય લોગોને કોઈ ચીઝ પ્યારી નથી. શરીઅતનો ઈસ્તેમાલ પણ લોગો દુનિયાને તલબ કરવા તક જ મહેદૂદ રાખે છે. હકીકત તો એ છે કે, ખુદાતઆલાના હુકમથી અંબિયા (અ.સ.) દાઅવત કરે છે, તો તેમાં તેઓની ગરઝ ફક્ત દુનિયાવી ફાયદાની નથી હોતી પણ તેઓની ખાસ ગરઝ લોગોને નૈકી અને ખૈર તરફ દાઅવત કરીને દુનિયાના આ શયતાની દરિયામાંથી મુમેનીનના જાનોંને છોડાવવાની હોય છે, ગુમ્રાહીના મોજાઓ તેને ખેંચી ન જાય તેના ચૂગલ માંથી બચાવવાની હોય છે, તબીઅતમાં ફસાયેલા જાનને આઝાદ કરવાની હોય છે, જિસ્મોંની અંધારી સંદૂક માંથી નિકાલીને રૂહાની આલમની રોશની તરફ પરવાઝ કરાવવાની હોય છે, જેહાલત અને ગફલતની ઊંઘથી જગાવવાની હોય છે, જહન્નમના રંજો અમલથી બચાવવાની હોય છે, જિસ્માની લઝઝતોંથી જાનોંને દૂર લઈ જાવાની હોય છે, કુફ્ર અને શકની બીમારીથી શિફા હાસિલ કરાવવાની હોય છે, મૌસમની માર, ઝમાનાનો ઝુલ્મ, ફકીરી-મોહતાજગીની મુસીબત, દુશ્મનોંના મકરો ફરેબથી છોડાવવાની હોય છે, જેથી મુમેનીનના જાનોં પોતાના રબથી કુરબત, રહેમત અને શફકત હાસિલ કરી શકે. જહાઁ તક હસદની બીમારી, શયતાનનો વસવસો અને દુનિયાનો શૌક લોગોમાં હશે, વહાઁ તક જાનોંનું જન્નત તરફ ચઢવું નામુમ્કિન થઈ જાશે અને શરીઅતનો ગરઝ અધૂરો રહી જાશે. **અંબિયા (અ.સ.) ની ઐન ઝિમ્મેદારી એ જ હતી કે, તેઓ નેકીનો શૌક અપાવીને મુમેનીનની જાનોંને જન્નતના મકામાત તરફ ચઢવા વાસ્તે તૈયાર કરે.**

મૌ. ઈસા (અ.સ.) એ જે વક્ત કૌમે મૂસાની આ હાલત જોઈ તો આપ ખૂબ ગમગીન થયા અને આપને લોગો પર રહેમ આવો. આપ સોચવા લાગા કે, આ લોગો પર જો સખ્તી કરવામાં આવશે તો મુઆમેલો ઝિયાદહ બિગડી જાશે અને જો સમઝાવટથી કામ લેવામાં આવશે તો શાયદ ખુદાતઆલા તેઓના દિલોંમાં હિદાયતનું નૂર ઉતારશે. મૌ. ઈસાને ખબર હતી કે, તેઓ શરીઅતના અહેકામને જાણે તો છે પણ અમલ કરવામાં કોતાહી કરે છે, તેઓ બીમાર છે તેની ખબર તો તેમને છે જ પણ ઈલાજ વાસ્તે કોશિશ કરતા નથી. મૌ. ઈસા બહેતરીન તબીબ-હકીમ બનીને લોગોને દરમિયાન આવા અને ગલીએ ગલીએ લોગોને નૈકીનો રસ્તો ઈખ્તિયાર કરવા પર મીઠી અને સાદી ઝબાનમાં સમઝાવવા લાગા. એક વાર મૌ. ઈસા શહેરને બાહર આવા તો તેમને ધોબીઓની સોહબત ઈખ્તિયાર કીધી. સાફ-સફેદ કપડા લોગો પહેરે અને તેઓનું ગુજરાન ચાલે તે વાસ્તે ધોબીઓ તનતોડ મહેનત કરતા હતા. મૌ. ઈસાએ પૂછું કે, ચોખા જિસ્મ પર લોગો આ તમારા સાફ કીધેલા કપડા પહેરે પણ જો તેઓનું જાન કે જે જિસ્મમાં છુપેલું છે તે ગંદું હોય, નાપાક હોય, બુરાઈથી ભરેલું હોય, તેમાં કીનો, અદાવત, હસદ, ચોરી, બખીલી, બદગુમાની, જેહાલત વગૈરા હોય તો શું તે જિસ્મને તમારા કપડા શોભશે!

(બકીયાહ પેજ નં. ૧૪ પર)

ઈબ્લીસ લઈન હક્કનો દુશ્મન છે, તેની સોહબત લાઅનત છે અને તેને માનનારા દોઝખી છે.

(પેજ નં. ૯ નું બાકી)

ઝમીન પર પટકી દીધો અને કહ્યું કે, તું પહેલા આ બચ્ચાને કત્લ કર અને આ કિતાબને બાલી નાખ. નશામાં ચૂર તે જવાને બેવે અમલે બદ કીધા અને આખિરમાં તે બદકાર બૈરો સાથે ઝિના કીધી.

શરાબના નશામાં જે મુજબ તે જવાને શયતાની અમલ કીધા તો હવે તે પાકો સાફ આબિદ ન રહ્યો પણ બદકાર ફાજિર મલઊન બની ગયો અને ખુદાતઆલાની ઈબાદતથી ગાફિલ થઈ ગયો, તેની રહેમતથી મહેરૂમ થઈ ગયો. **શરાબ અને શબાબના નાપાક ઘૂંટની મસ્તીમાં પોતાની ઈબાદતની ખસ્તા-ખરાબી કરી નાંખી.** એક બદકાર બૈરોની જાલમાં ફસાઈને શરમિંદગીના બોઝમાં દટાઈને પોતાની ઈબાદતને બલંદી બખ્શવાને બદલે પસ્તીમાં ધકેલી દીધી. રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, **"અલ-ખમરો ઉમ્મુલ ખબાઇસ"**, યાઅની શરાબ તમામ બુરાઈઓની માઁ છે અને તમામ ખરાબીઓની જડ છે. આ બદીથી ઘરના ઘર તબાહ થઈ જાય છે અને રોઝીના અસ્બાબ ખત્મ થઈ જાય છે. ખુદાતઆલા આ નહેસ ચીઝની બદીથી મુમેનીનની હિફાઝત કરે. ✯

બદરી મસ્જિદ

અશ્આર

❋ હર આનેવાલા ઈસ જગા રૌશન દિમાગ હે,
યાદોં કી એક બહાર હે, ખુશીયોં કા બાગ હે,
શાઅબાન બદરૂદ્દીન, રસૂલે ખુદા કી યાદ,
સબસે હસીં હે તૈયેબ જો રૌશન ચિરાગ હે.

❋ કૌમ કે મહેનતકશોં અય નૈકકારોં ઝિંદાબાદ,
આસ્માને અલવી કે રૌશન સિતારોં ઝિંદાબાદ,
હે તુમ્હારે દમ સે મુંબઈ મેં હુઈ મસ્જિદ તમામ,
કૌમ કી અય આરઝૂઓં કે સહારોં ઝિંદાબાદ.

❋ જબ તલક ચલતા હે ઈસ દુનિયા મેં દૌરે સુબ્હો શામ,
તબ તલક ચમકેગા ઈસ દુનિયા મેં ઈસ મસ્જિદ કા નામ,
દસ્તે દાઈ સે હુઆ મસ્જિદ કા રસ્મે ઈફતેતાહ
જિસકો કહતેં હેં જહાઁ મેં દાઈએ ખૈરૂલ અનામ.

❋ મસ્જિદે બદરી નૂર કી તન્વીર હો ગઈ,
ફઝલે ખુદા સે આજ યે તાઅમીર હો ગઈ,
દાઈ કે સાથ-સાથ પઢી જિસને ભી નમાઝ,
જન્નત ઉસી નમાઝી કી જાગીર હો ગઈ.

(પેજ નં. ૧૩ નું બાકી)

મૌ. ઈસાએ ફરમાવું કે, અય મારા ભાઈઓ! જે મુજબ તમેં આ કપડાને સાફ કરો છો તે જ મુજબ તમેં તમારા જાનોંને પાક અને સાફ બનાવવાની મહેનત કરો. **સહી ઈન્સાનની પહેચાન એના કપડાથી નહીં પણ એના જાનો અમલથી થાય છે.** અય ભાઈઓ! શું તમને ફરિશ્તાઓની સોહબત નથી જોઈતી? હર વક્ત ખુદાની નેઅમતોં તમારા વાસ્તે હાઝિર થાય એમ તમેં નથી ચાહતા? તમેં ખુદાની રહેમતના સાયામાં રહો એમ તમને ઉમ્મીદ નથી? તમેં આઝાદીથી આસ્માનોંની સૈર કરો તેમ તમારી ખ્વાહિશ નથી? શું તમને દુનિયાની ગંદી બૂ થી રાહત નથી જોઈતી અને જન્નતની ખુશ્બૂ નથી સૂંઘવી?

તમામે કહ્યું કે, અય નબીયુલ્લાહ! હમેં શું કરીએ? મૌ. ઈસાએ ફરમાન કીધું કે, હું તમને ખુદાના દીનની દાઅવત દઉં છું. મારા સાથે જેહાદ કરવા તૈયાર થઈ જાવ. નૈકીના પાનીથી તમેં તમારા જાનોંને એ મુજબ સાફ કરો કે, જે મુજબ તમેં કપડાને સાફ કરો છો. તમેં મને દીનની ખિદમતમાં યારી દો, હું એક ઈસા તો છું જ પણ તમેં તમામ મારા કૌલ પર ચાલીને ઈસા બની જાવ તો હું તમને આખેરતમાં રાહત આપવા વાસ્તે યારી દઈશ. તમેં મારા કદમ સાથે કદમને મિલાવો તો હું તમને ફરિશ્તાઓના કદમ તરફ લઈ જઈશ. અય ભાઈઓ! હમારો સાથ કરવાથી તમને કોઈ વક્ત નુકસાન નહીં થાય અને હમારો સાથ છોડવાથી તમને કોઈ વક્ત ફાયદો નહીં થાય. ✯

❋ ક્યા ખુશનુમા બના હે મૌલા તેરા દરબાર,
ફિરદૌસ સે યક્તા હે આકા તેરી સરકાર,
આએં હેં ઈફ્તેતાહ કે લિયે મુમેનીં ઝવ્વાર,
સજદહ કોઈ કરતા હે તો રોતા હે કોઈ ઝાર,
ઢુંઢે જો કોઈ આકે તો કિરદાર મિલેગા,
જન્નત સે ભી આઅલા તેરા દરબાર મિલેગા.

❋ આએં હેં ખાસ મુમેનીં શોહરત તેરી સુનકર,
દર પર તેરે બિગડા હુવા બનતા હે મુકદ્દર,
રોતા જો કોઈ આયા યહાઁ સે ગયા હઁસકર,
ઉજડી હુઈ ગોદી કો યહાઁ સે મિલા દિલબર,
અય મૌલા તેરી શાન અજીબો ગરીબ હે,
જિસકો મિલા યે દર વો બહુત ખુશનસીબ હે. ✯

કરબલામાં શહાદતે ઈમામ હુસૈન (અ.સ.) બાદ સબરને એક બલંદ મકામ હાસિલ થયો છે.

(પેજ નં. ૪ નું બાકી)

દાઅવતે અલવીયહની તારીખમાં ઈફતેતાહે મસ્જિદે બદરીનો યૌમ સુનેહરી હુરૂફથી લખાશે. આ તારીખી અને યાદગાર જશ્નો જુલૂસમાં ૭૦૦ મુમેનીન-મુમેનાત શામિલ હતા, જેમાં ૩૦૦ થી ફૌક મુમેનીન વડોદરાથી આવા હતા. મુકદ્દસ મૌલા સૈયેદના બદરૂદ્દીન સાહેબે ૧૩૬૦ હિ. ૧૮ ઝિલહજ્જના દિન મસ્જિદના ઈફતેતાહ વાસ્તે મહાલક્ષ્મી સ્ટેશનથી નૂરાની સવારી સાથે બિલાદે મુંબઈના મુમેનીનને હમરાહ બગ્ગીમાં પધારા હતા, આ પૂરા જશનની યાદ તાઝા થઈ ગઈ કે, જે વક્ત હુઝૂરેઆલી સૈયેદના સાહબ (ત.ઉ.શ.) ની તેયેબી સવારી દાઅવતના આઅયાન અને મુમેનીનને હમરાહ રસ્તા પર ગશ્ત કરતા કરતા મસ્જિદને જમણી જાનિબથી ઈફતેતાહ વાસ્તે તશરીફ લાવી. **અઝમતો વકાર સાથે ઝિંદાબાદના નાઅરાના સાયામાં આપ મૌલાના દસ્તે બાબરકત પર ઈફતેતાહની રસમ અદા થઈ.** મસ્જિદની તાબિશ અને નૂરાનીયત જોઈને આપ મૌલાને બેહદ મસર્રત થઈ અને હર કોઈની ઝબાન પર સુબ્હાનલ્લાહ અને જઝાકોમુલ્લાહના શુકો તહેસીનના કલેમાત હતા. ખુદાતઆલાના ઘરની તઅમીર વાસ્તે મુમેનીનનો જઝબો અને વલવલો એ મુજબ ઔજ પર હતો કે, ૩ સાલના વક્તે તાઅમીરમાં ૨ કરોડનો ઈખ્રાજાત થઈ ગયો અને હજી બીજા કામોં વાસ્તે ફૈઝ જારી કરવા મુમેનીન હરદમ તૈયાર છે. આ અમલ એવા બાકિયાતુસ સાલેહાત છે કે, જેના સવાબ અને ઉમ્મીદે રહેમતનો દરિયો બેકિનાર છે. મસ્જિદ કમીટીની જમાઅત વાસ્તે બેજોડ ખિદમત, જેમાં ખાસ્સતન મોહંમદઅલી નજમુદ્દીન મરચાવાલા અને મીયાંસાહેબ ઈલ્યાસભાઈ અજબશાહની બેગરઝો ગાયત કુનેહ અને ઈખ્લાસ શામિલે હાલ છે. હુઝૂરેઆલી સૈયેદના સાહેબ (ત.ઉ.શ.) એ આપના બયાનમાં ફરમાવું કે, "ખુદાતઆલાએ મારા પર કરમ ફરમાવો કે, મારી દાઅવતના આ દૌરમાં આ પાંચમી મસ્જિદ છે કે જેનું ઈફતેતાહ મારા હાથ પર થયું છે. આજવા રોડ પર **તૈયેબી મસ્જિદ**, કબ્રસ્તાન જન્નતુલ મુમેનીનમાં **શેહાબી મસ્જિદ**, સૂરતમાં **હાતિમી મસ્જિદ**, નડીયાદમાં **ફાતેમી મસ્જિદ** અને હમણા યહાં પર મારા જદ્દે અમ્જદે આબાદ કીધેલી જગામાં **બદરી મસ્જિદ**, આજે દાઅવતે હાદીયહની રઝા અને રિઝાથી આબાદ છે. **મસ્જિદને આબાદ કરવું મુમેનીનના હાથમાં છે અને મસ્જિદનો મક્સદ જ તેમાં નમાઝને કાઈમ કરવું છે.**" મુમેનીને તમામ રૂસૂમાતે દાઅવતનો બાસુકૂન મુશાહેદો કીધો જેમાં તખ્તે તેયેબી પરથી ચંદ ખુસૂસી મુમેનીનને અલ્કાબ ઈનાયત થયા, ચંદને એઅઝાઝથી નવાઝવામાં આવા અને ચંદ ખિદમતગુઝારોંને દાઅવતની મહેફિલ અને ઝુમ્રામાં શામિલ કરવામાં આવા.

આ બેવે બદરી તાઅમીરાતની ઝેબો ઝીનત, તાબિંદગી, હુસ્નો જમાલ, કમાલીયત અને કાવિશ સાહેબે દાઅવતની તાઈદ અને નુસ્રતના સબબ જ છે. મરકઝ તરફથી જે ઈરશાદાત, હુક્મો ફરમાન, રઝાઓ ઈજાઝત થાય અને મુમેનીન તેના પર અમલ-દર-આમદ થાય તો ખુદાતઆલા તે અમલને ઝીનત બખ્શવા બરકત અને કામિયાબીના લિબાસથી મહેફૂઝ કરી લે છે. **બિલા રઝાનો અમલ ઉરયાન અને બેલિબાસ છે કે જેના તરફ ખુદાતઆલા નઝરે લતાફત ફરમાવતો નથી.** સાહેબે દાઅવતનો એક જ મન્શા છે કે, જમાઅતની બિનાઓ, જગાઓ અને ઈમારતોંની તેના મક્સદ મુજબ દેખરેખ થાય, ઈસ્તેમાલ થાય અને મુમેનીનના ખૈરો બહેબૂદીના ઉમૂર વાસ્તે તે મોહય્યા થાય. હમેં મુમેનીન, હુઝૂરેઆલી સૈયેદના સાહબ (ત.ઉ.શ.) ના આ ઝરીંન તાઅમીરી દૌરમાં આપ મુકદ્દસ મૌલાની મસ્જિદ અને મઝારની બરકત હાસિલ કરા કરીએ અને આપે બતાવેલી રાહે હક્ક પર ચાલીને હમેં જાની અને માલી ફૈઝ જારી કરા કરીએ, એવી ખુદાતઆલા હમને તૌફીક અને રોશન ઝહેન અતા ફરમાવે. ઈન્નલ મસાજિદા લિલ્લાહ, અલ-હમ્દો લિલ્લાહ. ✯

તમેં સફર કરો, તમને ફાયદો થાશે; રોઝા રાખો, તમને સેહતયાબી થાશે; જંગ કરો (દીનની રાહમાં), તમેં દૌલત કમાશો અને હજ્જે બયતુલ્લાહ કરો, તમેં તમામ હાજતોથી આઝાદ થઈ જાશો.

Travel, you will gain profit; fast, you will gain health; fight (in the cause of religion), you will get wealth and perform Hajj, you will be free of worldly desires. ✯

હક્કના મુમેનીનની પાકીઝા ઝિંદગીની રવિશનો સબર એક અતૂટ હિસ્સો છે.

દર સિફતે સાહેબે ઝુલફિકાર (અ.સ.)

મનકબત

દિલા મુરતઝા સે જો અંજાન હોગા,
બતા ફિર અલી ઉસકા મહેમાન હોગા?
અલી દિલ મેં હે દિલ ગુલિસ્તાન હોગા,
વરક ઝિંદગી કા શબિસ્તાન હોગા.
યે ખુમ્મ કા હે મૈદાન ઔર શાદ સબ હૈં,
નબી કે વસી કા જો એઅલાન હોગા.
ગઝનફર લકબ હે, નવાઝા હે હક્ક ને,
અદૂ આપકા પલ મેં બેજાન હોગા.
ખુદા જિસકી સોહબત કા શાઈક રહા હો,
મરાતિબ મેં વો શખ્સ ઝીશાન હોગા.
બનેગા વો જન્નત કા હક્કદાર બેશક,
જો નાના કી ઉમ્મત પે કુરબાન હોગા.
હે શમ્એ અકીદત મેરે દિલ મેં રોશન,
અગર આપ આયે તો એહસાન હોગા.
લગા દેંગે સાહિલ પે કિશ્તી હમારી,
અગર રાહ મેં અપની તૂફાન હોગા.
અકીદત-વલાયત કા મરકઝ હૈ હયદર,
હમારી લહદ મેં નિગેહબાન હોગા.
ન ઢુંઢો ઝિયાઉદ્દીં સા કોઈ સાની,
ફરિશ્તા સિફત ઐસા ઈન્સાન હોગા.
અલી ઈલ્મ કે બાબ મુઝ પર કરમ કર,
કે અલવી કા હર દમ તું સુલતાન હોગા. ✯

જમાઅતના મુમેનીન મુખ્લેસીનને ઈદુલ ફિતર યાઅની ઈદુન્નેઅમત મુબારક થાય. આ તહેનીયત તે બેશુમાર નેઅમતોં જે અલ્લાહતઆલાએ ઈમાનો ઈસ્લામના સાયામાં મુમેનીનને આપેલી છે, તેની શુકગુઝારી વાસ્તે છે. અલ્લાહતઆલા સબર, શુક્ર અને યકીનની નેઅમતને હમેશા અહલે ઈમાનમાં બાકી રાખે, આમીન. ✯

મદેહ

છે દોઆતોં નો ફઝલ મશ્હૂર કુલ ઈન્સાનમાં,
યાદ દાઈને ખુદાએ કીધા છે કુરઆનમાં.
છે મુબારક આ ઘડી મૌલા ના દસ્તે પાક પર,
ઈસ્તેતાહ શું શાન સી આજે છે આ ખુસ્તાનમાં.
રોઝહને ગર મિસ્લે કાઅબહ કરસે કોઈ મુમિન તવાફ,
થાસે શામિલ રહેમતો બરકત ના યે દામાનમાં.
મુખ્લેસાના ખિદમતો તાઅત દોઆતોંની કરે,
છૂટસે યે રંજો ગમ સી હશ્ર ના મૈદાનમાં.
છે નઝારો જન્નતુલ ફિરદૌસનો આજે યહાઁ,
તાઝગી મૌલાની ઝિયારત સી થઈ ઈમાનમાં.
દાઈ પર સલવાત પઢજો રાત દિન અય મુમિનોં,
દરમિયાઁ રહેસો તમેં હૂરોં અને ગિલમાન માં. ✯

વતને માદર તમારા વાસ્તે રોઝી-તલબીની બહેતરીન જગા છે. જો તેમાં રોઝી તંગ થઈ જાય તો રોઝીને બીજી જગા તલાશ કરો.

અકીદા, અમલ, દોઆ, ફાઝિલ દિન-રાત, રસમ વગૈરા વાસ્તે મુમેનીન " અસ-સહીફતુત તૈયેબીયાહ " ને દેવડી પરથી હાસિલ કરીને ગૌરથી પઢે.

નોંધ : મિશ્કાતુલ-હાદીના માતહત શાયેઅ થયેલી મૌલાના અલી (અ.સ.) ના કસીદાઓની, સૈ.ફખરૂદ્દીન સાહબ (ક.રૂ.) ની બૈતોના મજમૂઆની તેમજ અહલુલબૈત (અ.સ.) ના નૌહાઓની અને મરસીયાઓની **CD** મુલ્લાં ઈબ્રાહીમભાઇ (વડોદરામાં) અને મુલ્લાં સિરાજભાઇ (મુંબઈમાં) થી કારેઇન હાસિલ કરી શકે છે. આ ભાઈઓના ફોન નંબર નીચે આપેલા છે.

સાલાના લવાજેમાત (Yearly Subscription)
₹ ૧૦૦/- (પોસ્ટેજ સાથે)
મેનેજર :- **મુલ્લાં ઇબ્રાહીમ ટી. બરોડાવાલા**
નાઝ બોક્ષના ઘરને બાજુમાં, બદરી મોહલ્લા,
વાડી, વડોદરા - ૩૯૦ ૦૧૭. ફોન : ૯૯૦૪૨૨૧૦૯૦.
મુંબઈમાં લવાઝમ લેનાર :- **મુલ્લાં સિરાજઅલી અત્તરવાલા**
(નફીસ, મુંબઈ) ફોન : ૯૯૩૦૩૨૧૪૪૦. ★